અદાલત દ્વારા નીચે પ્રમાણેની મૂડી ઘટાડાની યોજના મંજૂર કરવામાં આવી.

(૧) રૂા.૧૦૦ ના દરેક ઈ.શેરનું રૂા.૧૦ ના એક એવા ૧૦ ઈકિવટી શેરમાં વિભાજન કરવું.

(૨) વિભાજન કર્યા પછી, દરેક ઈ.શેર રૂા.૩ થી દરેક પ્રેફ.શેર રૂા.૬ સુધી ઘટાડવા.

(3) ડિબેન્ચર હોલ્ડરો તેમનું બાકી વ્યાજ જતું કરવા સંમત થયા.

(૪) પ્રેફ.શેર હોલ્ડરો તેમના બાકી ડિવિડન્ડ ની ૭૦% રકમ ઈ.શેરમાં અને બાકી રકમ જતી કરવા સંમત થયા.

(૫) ૫૦% લેણદારો તેમની પૂર્ણ ચૂકવણી પેટે રૂા.૨૫૦૦૦ ના ૧૦%ના ડિબેન્ચર સ્વીકાર્યા.

(૬) બેંક તેની લોનના દાવાની પૂર્ણ ચૂકવણી પેટે રોકાણો બજાર કિંમતે સ્વીકાર્યા.

(૭) ઉપરની યોજનાને અમલમાં મુકવા જો જરૂર પડે તો જમીન અને મકાનનું પુનઃ મુલ્યાંકન કરવું.

જરૂરી આમનોંધ લખો અને નવું પાકુ સરવૈયુ તૈયાર કરો અને મૂડી ઘટાડા ખાતું પણ બનાવો.

પ્ર.૪ નંદિતા લિ.નું તા.૩૧-૩-૨૦૧૭ના રોજનું પાકુ સરવૈયું નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| શેર મૂડી ૪૦૦૦, ૬% પ્રેફ.શેર રૂા.૧૦૦નો એક | ૪૦૦૦૦૦ | જમીન અને મકાન | ૨૦૦૦૦૦ |
| | | યંત્રો | ૫૦૦૦૦૦ |
| ૨૦૦૦ ઈ.શેર રૂા.૧૦૦નો એક શેર દિઠ રૂા.૭૫ ભરપાઈ | ૧૫૦૦૦૦ | પેટન્ટ | ૮૦૦૦૦ |
| | | સ્ટોક | ૧૦૦૦૦૦ |
| ૬૦૦૦ ઈ.શેર દરેક રૂા.૧૦૦નો એક શેર દિઠ રૂા.૬૦ ભરપાઈ | ૩૬૦૦૦૦ | દેવાદારો | ૨૩૦૦૦૦ |
| | | બેંકમાં રોકડ | ૬૦૦૦૦ |
| ૫%ના ડિબેન્ચર (મિલ્કતો પર તરતો બોજ) | ૨૦૦૦૦૦ | નફા નુકશાન ખાતું | ૨૦૦૦૦૦ |
| | | જાહેરાત ઉપલક ખાતું | ૪૦૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ ચુક.બાકી | ૧૦૦૦૦ | | |
| લેણદારો | ૨૯૦૦૦૦ | | |
| | ૧૪૧૦૦૦૦ | | ૧૪૧૦૦૦૦ |

કંપનીનું તા.૧-૪-૨૦૧૭ના રોજ વિસર્જન થયુ. લેણદારોમાં જમીન-મકાનનાં તારણ પર સમાયેલ લોન રૂા.૧૦૦૦૦૦ છે. મિલ્કતોની ઉપજ નીચે મુજબ થઈ.

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| જમીન-મકાન | ૨૪૦૦૦૦ | સ્ટોક | ૧૨૦૦૦૦ |
| મશીનરી | ૪૦૦૦૦૦ | દેવાદારો | ૧૬૦૦૦૦ |
| પેટન્ટસ | ૬૦૦૦૦ | | |

લિકવીડિશન ખર્ચ રૂા.૨૧૮૦૦ થયો. લિકવીડટરની રોકડ સિવાયની મિલ્કતોની ઉપર ૩% લેખે તથા બિન અનામત લેણદારો (પસંદગીના લેણદારો સહિત) ની રકમ પર ૨% લેખે મહેનતાણું આપવાનું છે. પસંદગીના લેણદારો રૂા.૩૦૦૦૦ ના લેણદારોમાં સમાયેલ છે.

લિકવીડટરનું છેવટનું પત્રક તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪

(અ) 'અ' લિ. ની વિસર્જન વખતે નીચે પ્રમાણેની પરિસ્થિતી હતી. (૧૦)

ઈશ્યુ અને ભરપાઈ થયેલ મૂડીઃ

૩૦૦૦, ૧૧% પ્રેફ.શેર દરેક રૂા.૧૦૦નો પૂરેપૂરો ભરપાઈ થયેલ.

૩૦૦૦, ઈ.શેર દરેક રૂા.૧૦૦નો પૂરેપૂરો ભરપાઈ થયેલ.

૧૦૦૦, ઈ.શેર દરેક રૂા.૫૦ નો, રૂા.૩૦ શેરદિઠ ભરપાઈ થયેલ.

બાકી હમા રૂા.૧૦૦૦૦ અને અગાઉ થી મળેલ હમા રૂા.૫૦૦૦ છે. પ્રેફ. ડિવિડન્ડ એક વર્ષથી ચૂકવવાનું બાકી છે. બધી જવાબદારીઓ ચૂકવ્યા બાદ લિકિવડેટર પાસે વધેલ રકમ રૂા.૪૧૩૦૦૦ છે. કંપની ના નિયમન પત્રકમાં દર્શાવ્યા મુજબ પ્રેફ.ડિવિડન્ડ, ઈ.શેર હોલ્ડરોની મૂડી ચૂકવતા પહેલા આપવાનું રહેશે. લિક્વીડેટરનું છેવટનું પત્રક તૈયાર કરો.

(બ) ટુંકનોંધ લખોઃ પસંદગીના લેણદારો. (૦૫)